# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

ફોન.નં. (૦૨૬૯૨) ૨૯૦૧૧૨ (પશુ સંશોધન કેન્દ્ર)

(૦૨૬૯૨) ૨૬૧૪૮૬ (વેટરનરી કોલેજ)


## સુકો ઘાસચારો ખરીદવા માટેની "ઇ" –ટેન્ડર જાહેરાત

આથી ગૌશાળા/પાંજરા પોળોને સુકો ઘાસચારો સપ્લાય કરતાં ઠેકેદારોને જણાવવાનું કે આ મહાવિધ્યાલય હસ્તક ના જુદા જુદા વિભાગો માટે સુકોચારો મધ્ય ગુજરાત કે ભાલ વિસ્તારમાંથી પોતાની રીતે ખરીદી ટ્રકમાં વહી લાવી આણંદ ખાતે જે તે વિભાગના ગોડાઉનમાં ગોઠવી આપવાની મજુરી તથા તમામ ટેક્ષ સહીતના (કચેરી બેઠાં સપ્લાયના) પ્રતિ કિલોગ્રામ જુવાર બાટુ, બાજરીના પૂળા તથા ગોતરના ભાવ ઓન લાઇન ભાવો www.nprocure.com "ઇ"- ટેન્ડરથી ભરવાના રહેશે. ઇ.એમ.ડી, ડીપોઝીટ, ટેન્ડર ફોર્મ અને ટેન્ડરની શરતો બોલીયો સહિતની વિસ્તૃત માહિતી www.nprocure.com પર તા:૨૮/૧૦/૨૦૧૪ થી ઉપલબ્ધ છે. ઓન લાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૧૦/૧૧/૨૦૧૪ છે. ટેન્ડર ફી, ડીપોઝીટ., અન્ય દસ્તાવેજો રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી જ નીચે સહી કરનારશ્રી ના સરનામે તા.૨૦/૧૧/૨૦૧૪ સુધીમાં મોકલવાના રહેશે. સદર હું ભાવો તા.૩૧/૩/૨૦૧૫ સુધી માન્ય રહેશે.

અંદાજે ૨૬૦ ટન સુકુ જુવાર બાટુ, ૪૫ ટન બાજરીના પૂળા અને ૧૦ ટન મગફળી ના ગોતરની જરૂરીયાત છે. ભાવપત્રક ફરજીયાત પણે વેબ સાઇટ www.nprocure.com પર ભરવાનું રહેશે. આ સિવાય ભરેલ કોઇ પણ ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહી.

આણંદ

તા.૨૮/૧૦/૨૦૧૪

આચાર્ય/ડીનશ્રી

પશુચિકિત્સા અને પશુપાલન મહાવિધ્યાલય,

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

# પશુ સંશોધન કેન્દ્ર
## પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

ડો. એસ.વી.શાહ — મો.નં ૯૭૨૫૨૦૩૮૬૪
સહસંશોધન વૈજ્ઞાનિકશ્રી — ઓ.નં ૦૨૬૯૨ ૨૯૦૧૧૨

### સુકાઘાસની ખરીદી-વહનની શરતો: ૨૦૧૪-૧૫

૧. ઓનલાઇન ટેન્ડર ભરનારે ટેન્ડર ફી (નોન-રીફંડેબલ ) પેટે રૂા.૧,૦૦૦/- ની રકમનો ડી.ડી, "એ.એ.યુ. ફંડ એકાઉન્ટ", આચાર્ય અને ડીનશ્રી, વેટરનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સરનામે પોસ્ટ દ્વારા મોકલવાનો રેહશે અને ડી.ડી નંબરતથા બેન્કનું નામ ઓનલાઇન ટેન્ડર ફોર્મમાં જણાવવાનું રેહશે. ફોર્મ વેબ સાઇટ www.nprocure.com પર ભરવાનું રેહશે. ટેન્ડર ફી ન ભરનાર પાર્ટી નું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી.

૨. ટેન્ડર માં જણાવેલ સુકુઘાસ (બાજરીના પૂળા, જુવાર બાટુ તથા ગોતર) નો તમામ જથ્થો અમારી જરૂરીયાત મુજબ મધ્ય ગુજરાત કે ભાલ વિસ્તારમાંથી પોતાની રીતે ખરીદી ટ્રક માં વહન કરીને લાવી આણંદ ખાતે જે તે વિભાગના ગોડાઉનમાં ગોઠવી આપવાનો મજુરી, ટ્રક ભાડુ તથા તમામ ટેક્ષ સહીતના (કચેરી બેઠાં સપ્લાયના) ત્રણેય ઘાસના અલગ અલગ પ્રતિ કિલોગ્રામના ભાવ આપવાના રેહેશે.

3. ઘાસની ગુણવત્તા અંગે આચાર્ય અને ડીનશ્રી ધ્વારા નીમેલ કમીટી વખતો વખત ઘાસનો નમુનો ચકાસશે અને ઘાસ/ ગોતરનો સ્વીકાર કરવો/ ન સ્વીકારવો તે અંગે કમીટી નો નિર્ણય આખરી રહેશે.

૪. ટેન્ડર માં જણાવેલ બધો જ માલ (અંદાજે ૨૬૦ ટન જુવાર બાટું, ૪૫ ટન બાજરીના પૂળા તથા ૧૦ ટન ગોતર) ઓક્ટોબર ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૫ દરમ્યાન ઓર્ડર મુજબ જે તે વિભાગને પહોચતો કરવાનો રહેશે. માલના જથ્થામાં વધઘટ કરવાની સત્તા આચાર્ય/ડીનશ્રી, વેટરનરી કોલેજ, આણંદને અબાધીત રહેશે.

૫. ટેન્ડર ભરનારે ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા.૫,૦૦૦/- (પાચં હજાર પુરા) નો ડીડી "એ.એ.યુ. ફંડ એકાઉન્ટ", રજીસ્ટર્ડ/સ્પીડ પોસ્ટથી મોકલવાનો રહેશે.

૬. ટેન્ડર મંજુર થયેથી ઇજારદારે ઇમએડી પેટે રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) નો ડી.ડી "એ.એ.યુ. ફંડ એકાઉન્ટ", પહેલા ભરવાનો રહેશે ત્યારબાદ જ ઓર્ડર મુજબનો માલ સપ્લાય કરવાનો રહેશે.

૭. ભાવપત્રક ભરનારે ફરીજીયાત પણે વેબ સાઇટ WWW.nprocure.com પર ભરવાનું રહેશે. આના સિવાય ભરેલ કોઇ પણ ભાવ પત્રક માન્ય ગણવામાં આવશે નહી.

૮. ટ્રાન્સપોર્ટ દરમ્યાન ઘાસ-ટ્રકને કોઇ નુકશાન થશે તો તેની જવાબદારી જે તે કોન્ટ્રાકટર/પાર્ટીની રહેશે.

૯. ઘાસની ગાડીને કમીટી ના સભ્ય/પ્રતિનિધીની હાજરીમાં વજનકાટાં (વે બ્રીજ) ઉપર વજન કરીને ખેતીવાડી કેમ્પસ, આણંદ ખાતે લાવવાની રહેશે. અને વજનની પાવતી જે તે વિભાગને સુપ્રત કરવાની રહેશે. આજ વજન ફાઇનલ ગણાશે.

૧૦.આ અંગેનુ ક્રેડીટ બીલ ત્રણ નકલમાં એડવાન્સ સ્ટેમ્પ રસીદ સાથે જે તે વિભાગને દર માસના અંતે તેમની ખરીદી મુજબનું આપવાનું રહેશે. જેથી ખરીદેલ માલનું પેમેન્ટ થઇ શકે.

૧૧. ટેન્ડર અંગેનો સંપૂર્ણ હક્ક " આચાર્ય/ડીનશ્રી, પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ" ને અબાધિત રહેશે

૧૨. સુકાઘાસની ખરીદી બાબતે કોઇ પણ કોર્ટ કેસનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ન્યાયક્ષેત્ર, આણંદ જયુરિડીકશન રહેશે.

ઉપરોક્ત તમામ શરતો મને મંજુર છે.

ટેન્ડર ભરનારની સહી

નામ:

સરનામું:

મો:નંબર: